# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૧૬-૦૬-૨૦૨૨

- **ગાંધીનગર ખાતે કોંગ્રેસ પક્ષના ઉગ્ર દેખાવો, પ્રદર્શન યોજાયા.**
- **રાજભવન તરફ કુચ કરતા ધારાસભ્યો, વરિષ્ઠ પદાધિકારીઓ, કાર્યકર્તાઓની મોટા પાયે અટકાયત કરતી પોલીસ.**
- **ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, વરિષ્ઠ નેતાઓએ મહામહિમ રાજ્યપાલશ્રીને આવેદનપત્ર સુપ્રત કર્યું.**

કેન્દ્ર સરકારના ઈશારે એન્ફોર્સમેન્ટ ડીરેક્ટરોરેટ દ્વારા સતત ત્રીજા દિવસે પૂર્વ કોંગ્રેસ પ્રમુખશ્રી રાહુલ ગાંધીને પાયા વિહોણા અને ખોટી રીતે ઉભા કરેલા નેશનલ હેરાલ્ડ કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યા છે. કોઈ પણ પુરાવા કે હકીકતોના આધાર વિના ઈડીનો વ્યક્તિગત, દ્વેષ અને રાજકીય કિન્નાખોરી માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. અત્યંત આઘાત જનક બાબત રૂપે પોલીસે એ.આઈ.સી.સી.ના વડામથકમાં બળજબરી પૂર્વક પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલા કાર્યકર્તા અને નેતાઓને બેરહેમીથી માર્યા હતા. સત્ય માટેની આ લડાઈ માટે એકતા અને શાંતિપૂર્વક દેખાવોને કચડી નાખવા માટે કેન્દ્રનું શાસન હતાશા પૂર્વક પાશવી બળનો ઉપયોગ કરી રહ્યું છે. ન્યાય માટેની લડત સાથે જોડાવવા અને એ.આઈ.સી.સી.ના વડામથકની કામગીરીને અવરોધવા સહિત પોલીસ રાજના વિરોધમાં શ્રી જગદીશ ઠાકોર, શ્રી સુખરામ રાઠવા, શ્રી અર્જુન મોઢવાડીયા, શ્રી સિધ્ધાર્થ પટેલ, શ્રી અમિત ચાવડા, શ્રી પરેશ ધાનાણી, ડૉ. તુષાર ચૌધરી, શ્રી પુંજાભાઈ વંશ, શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ગ્યાસુદ્દીન શેખે મહામહીમ રાજ્યપાલશ્રીને રૂબરૂમાં વિસ્તૃત આવેદનપત્ર આપી વિસ્તૃત રજુઆત કરી હતી. રાજભવનની સામે શાંતિપૂર્વક અને અહિંસક રીતે ધરણાના કાર્યક્રમમાં તમામ વરિષ્ઠ આગેવાનશ્રીઓ, કાર્યકર્તાઓની મોટી સંખ્યામાં પોલીસે અટકાયત કરી હતી.

રાજ્યમાં તા. ૧૭મી જુન, ૨૦૨૨ને શુક્રવારના રોજ તમામ જીલ્લા વડા મથકે કેન્દ્ર સરકારની કચેરી સમક્ષ શાંતિપૂર્વક અહિંસક રીતે ધરણાનો કાર્યક્રમ કરવામાં આવશે.

( ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા

નોંધ – આ સાથે આવેદનપત્ર સામેલ છે.